જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૬/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૮૯૦/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૭ કેસ કરી, ૬૬ વ્યક્તિઓને ઝડપી, ૬૬૦ લીટર દેશી દારૂ, ૧૩૩ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૯,૦૨૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૮૯૧/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વીજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૮૯૨/૨૦૨૬**

વસ્ત્રાપુરઃ દિલીપકુમાર બાબુભાઈ મકવાણા (ઉ.વ.૩૧)(રહે.વણકરવાસ, માણાવદર તા–માણાવદર જી–જુનાગઢ) તા.૨૪/૦૬/૨૦૨૬ રાતના ૧૧/૫૫ વાગ્યાના સુમારે GMDC ખાતે આવેલ "Ahmedabad vacation mela" ખાતે "ટોરા–ટોરા" રાઈડના પ્લેટ ફોર્મ ઉપર વીજ કરંટ લાગતા સારવાર માટે તેમને વસ્ત્રાપુર સંજીવની હોસ્પીટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.બી.ગઢવી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૮૯૩/૨૦૨૬**

ઘાટલોડીયાઃ દિગંતભાઈ ભિખુભાઈ દવે (ઉ.વ.૫૦)(રહે. ચંદ્રલોક સોસાયટી, ડેમાપાર્ક પાસે, મેમનગર) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૬/૨૦૨૬ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેશભાઈ ગોપાલભાઈ ચલાવે છે.

માધવપુરાઃ મનોજભાઈ મંગાભાઈ દંતાણી (ઉ.વ.૪૪)(રહે. અમથાજીની ચાલી શાહપુર દરવાજા બહાર દુધેશ્વર રોડ, માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૬/૨૦૨૬ સવારના ૮/૩૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સીવીલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન કલાક ૧૧/૨૨ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી મુકેશભાઈ માવાભાઈ ચલાવે છે.

આનંદનગરઃ ભારતીબહેન વા/ઓ વિજયભાઈ ચૌહાણ (ઉ.વ.૪૯)(રહે. મધુવન સોસાયટી, ન્યુ ટાઈમ્સ ઓફ ઈન્ડીયા રોડ, સાગર સમ્રાટ ફ્લેટ સામે, આનંદનગર) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૬/૨૦૨૬ સવારના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.કોડીયાતર ચલાવે છે.

એલીસબ્રીજઃ જયેશભાઇ સ/ઓ વસંતભાઈ મકવાણા (ઉ.વ.૨૪)(રહે. ડૉકટર આંબેડકર કોલોની, ભુદરપુરા, આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૬/૨૦૨૬ રાતના ૮/૪૫ વાગ્યા પહેલા પોતાના ઘરે છતની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયદીપસિંહ કલ્યાણસિંહ ચલાવે છે.

અમરાઈવાડીઃ વિપુલભાઈ સ/ઓ કેશવભાઈ વાઘેલા (ઉ.વ.૨૮)(રહે. અંબિકાનગર સ્વસ્તિક ચાર રસ્તાની પાસે અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૬/૨૦૨૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫.૦૬/૨૦૨૬ સાંજના ૫/૦૦ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હિતેશભાઈ ગોવિંદભાઈ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી